# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સત્તા-ઈર્ષાએ લોકશાહીનું ગળું દબાવી દીધું!
કાળા કાયદાએ પોતાનું પૂછડું લંબાવી દીધું!
થંભાવી દીધું ઉડાન કેજરીનું પાંખો કાપીને -
ખટપટ ખેલે નજીબને રાજ અપાવી દીધું...

## હાઈકુ

ત્રીસ વરસો!?
સરકારી લેબને -
લાધ્યું લોખંડ?!
('મેગી'માં સીસું છે.')
(કુંભકર્ણ આોગ્ય તંત્ર)

દબાઇ જશે,
દુખી દિનનાં ડૂસ્કાં -
પ્રચાર ઢોલે..
(રેલીઓ-પ્રચારસભાઓ)

## ચિંતન

**ગિરિ મ્હાન ગિરે રાબ્ધિ મ્હાન બ્ધેન નભો મહત્ ।**
**નભસો અપિ મહદ બ્રહ્મ તતો અપ્યાશા ગરીયસી ॥**

'ધરતી પર 'પર્વતો' ખૂબ ઊંચા અને મોટા હોય છે અને પર્વતોથી મોટો છે સમુદ્ર. સમુદ્ર વિશાળ છે, પરંતુ સાગરથી પણ મોટું છે આકાશ - આકાશથી મોટો છે 'બ્રહ્મ' - પરંતુ 'બ્રહ્મ'થી મોટી-વિશાળ તો 'આશા'. આશા બધાથી મોટી છે.'

માનવીની આશાનો કદાપિ અંત આવતો નથી - અનંત છે. સંસારીજન એક ઇચ્છા-આશામાં ઊભી કરે છે અને તે હજી પુરી થાય ન થાય ત્યાં એમાંથી જ બીજી ઇચ્છા-આશાનો જન્મ થાય છે. દા.ત. પુત્રના લગ્ન ન થતાં હોય ત્યારે માં બાધા-આખડી રાખી લગ્ન થાય એવી આશા રાખે છે અને લગ્ન થાય પછી જયારે પુત્ર-પુત્રવધુ આશીર્વાદ લેવા આવે ત્યારે તરત પુત્રવધી થવા અને 'પારણું' બંધાવાની આશા બાંધે છે..

આમ દરેક ઘટના-પ્રસંગ સાથે આશા જન્મે એટલું જ નહીં એ માયાવી રાક્ષસની જેમ રાત્રે ન વધે એટલી દિવસે વધે.

આ શ્લોકમાં એને - લંબાઇ-પહોળાઇ-ઊંચાઇ અને ઊંડાઇની સમજણ આપવાના ઉદાહરણ આપવામાં આવ્યાં છે. 'બ્રહ્મ'થી પણ મોટી કહેવામાં આવી છે.

## સુવિચાર

- સમય, સંપત્તિ અને શક્તિ આ ત્રણેયને કોટા માર્ગે જતી અટકાવવા માંગો છો? તો અન્યને પ્રભાવિત કરવાની વૃત્તિથી મનને મુક્ત કરો - **જનકલ્યાણ**
- કામ નહીં, પરંતુ પોતાને કામ કરવું પડશે એવો વિચાર આળસુ માણસને થકવી નાખે છે - **આલ્બર્ટ લી**
- નાની નાની બાબતોનો ખ્યાલ રાખવો, નાની તિરાડને લીધે મોટા બંધો તૂટી જાય છે - **મોહમ્મદ માંકડ**
- જેણે બહુ ભૂલ કરી હોય તે જ બીજાને ડરાવતો હોય છે - **મોરારિ બાપુ**
- આંખો હોવા છતાં અંધ બનવાની કોશીશ કરનારને કોઇ રસ્તે ચઢાવી શકતું નથી - **સરદાર પટેલ**
- ઇશ્વર તો ફક્ત આપી શકે ફક્ત તે લેવાની પાત્રતા આપણામાં હોવી જોઇએ - **રવિન્દ્રનાથ ટાગોર**
- ઠંડે પહોરે જો આગળ નહીં વધો તો તડકા વખતે હેરાન થશો - **ઇઝરાયેલી કહેવત**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

આજે 'મહાત્મા મંદિર' અને 'પંચામૃત ભવન' પાછળ પર્યાવરણ, વૃક્ષો-ઝાડીઓનો કચ્ચરઘાણ નીકળે છે. પણ ગાંધીજી જાતે 'પર્યાવરણ'નું કેવું જનત કરતા હતા તે સમજવું જરુરી છે.

ગાંધીજી-કાલેલકર યરવડા જેલમાં હતા. ગાંધીજીને વડના પાનની જરુર પડી. કાકાને કહ્યું વડના 'ચાર' પાન લઇ આવ. કાલેલકર આખી ડાળી લઇ આવ્યા. ગાંધીજી ગુસ્સે થયા કહ્યું, મેં તને ચાર પાન લઇ આવવા જ કહ્યું હતું તું આખી ડાળી કેમ લાવ્યો? ચાર પાન લેતાં પણ વટવૃક્ષ અને પાંદડાંની માફી માગી પછી જ લેવાં જોઇએ. કાકા કાલેકરને ત્યારે પર્યાવરણ પ્રત્યે ગાંધીજીનો પૂજ્યભાવ સમજાયો.

એકવાર કાલેલકર બાપુ માટે લીમડાનું દાતણ લાવ્યા. બાપુએ ખૂશ થઇ શરુનો ભાગ પથ્થરથી છૂંદી દાતણ કર્યું. દાતણ કર્યા પછી એ છૂંદેલો ભાગ કાપી ધોઇ રાખી દીધો.

કાકા કહે બાપુ એ નાખી દો. કાલે બીજું નવું દાતણ લાવીશ. બાપુએ કહ્યું એટલે ફરી તું નવી ડાળી કાપીને મારા માટે દાતણ બનાવીશ ખરું ને? એ દાતણ ઓછામાં ઓછું મને ત્રણ દિવસ તો ચાલશે જ.

કાલેલકરને પર્યાવરણની કિંમત સમજાઇ.

Email - sureshchandrabhatt18@gmail.com

# વૈજ્ઞાનિકો વાઘને તેનાં રંગ, ચટ્ટાપટ્ટા, તેનું કદ અને તેની ખોપરીની કદના ફેરફારને આધારે આઠ ભૌગોલિક પ્રજાતિઓમાં વહેંચે છે, જે પૈકી પાંચ જેટલી પ્રજાતિઓ હાલમાં અસ્તિત્વ ધરાવે છે, અહીં આપણાં હરણોદ્યાનમાં લાવવામાં આવેલ વાઘની જોડી બંગાળ ટાઇગર છે

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

બપોરનો સમયે કિશોરસિંહ પઢિયારનો પોન આવ્યો. 'અમે આવીએ છીએ?'

'અમે એટલે કોણ... કોણ..?'

'હું અને પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી...'

'તે તો અગાઉ આવી ગયા હશે ખરું ને?' મેં પ્રશ્ન કર્યો.

'હાં, પણ આ વખતે ખાસ વાઘની જોડીને જ જોવા આવે છે.'

'સારું... સારું.. તાજેતરમાં આવેલ વાઘની જોડીએ અહીં આવતા મુલાકાતીઓમાં ખૂબ રસ જગાવ્યો છે.' કહેતા મેં ફોન મુક્યો.

મારા મિત્ર કિશોરસિંહ પઢિયાર આમ તો અમદાવાદની એક શાળાના શિક્ષક પણ ગુજરાત સમાચાર જેવા અખબાર સાથે વર્ષોથી સંકળાયેલા છે. વન્યજીવો અને વન્યસૃષ્ટિના એ ચાહક છે. વાઘ તેમને ખુબ જ ગમે છે. લગભગ દર વર્ષે એ રાજસ્થાનના રણથંભોર ટાઈગર રીઝર્વની મુલાકાતે જાય છે. મિત્રોને સાથે લઈ જઈ ત્યાં આઠ દિવસ રોકાય છે. દિવસ અને રાત્રી દરમિયાન ટ્રેકીંગ કરવાનું તેમને ખુબ ગમે છે. ઘણા વાઘ-વાઘણોને તે નામથી અને નંબરથી ઓળખે છે. વાઘ એક સમયે ગુજરાતમાં વલસાડ થઈ લઈને અંબાજીના જંગલોમાં વિચરતા હોવાનું નોંધાયેલ છે. અરે એક અહેવાલ મુજબ તો વાઘ અમદાવાદ શહેરની હદમાં પ્રવેશી જતા એવી વાત જાણ્યા પછી વાઘને ફરીથી ગુજરાતનાં જંગલોમાં વસાવવા જોઈએ એવું તેઓ માને છે સને ૧૯૭૬ સુધી અંબાજીના જંગલોમાં જોવા મળતો હોવાનું લોકમુખે ચર્ચાય છે. વાઘ દુનિયાનું સૌથી સુંદર પ્રાણી છે. અને જંગલ વિસ્તારની શોભા તરીકે તેની ગણતરી થાય છે. જંગલમાં વાઘની ઉપસ્થિતિને એ જંગલની સમૃદ્ધિ દર્શાવે છે કેમ કે વાઘની હાજરી એ તૃણભક્ષી પ્રાણીઓ તેમજ તે તૃણભક્ષી પ્રાણીઓ પર આધારિત અન્ય પ્રાણીઓની હાજરીની પણ સૂચક છે. આમ વાઘ એ જંગલની તંદુરસ્તીનું પ્રમાણ છે કારણ કે તે જંગલમાં વૈવિધ્ય છે. ફળફુલ અને નાના પ્રકારની વનસ્પતિઓથી પરિપૂર્ણ જંગલ હોવાને કારણે જ આહારશૃંખલાઓમાં જૈવિક પિરામિડમાં ઉપર વિરાજતો વાઘ ત્યાં રહેતો હોય છે.

વાઘ અંગે અવારનવાર અમારે ચર્ચા થતી રહે છે. એવું મનાય છે કે વાઘનું ઉદ્ભવ સ્થાન હાલમાં મંચુરિયા વિસ્તારમાં છે. જે આજથી ચાલીસથી પચાસ લાખ વર્ષ વચ્ચેના ગાળામાં થયેલ હશે. એક અંદાજ પ્રમાણે એશિયામાં આ સદીની શરુઆતમાં આશરે એક લાખ વાઘ સાઈબિરિયાથી ભારત સુધી વિચરતા હોવાનું નોંધાયેલ છે. વૈજ્ઞાનિકો વાઘને તેનાં રંગ, ચટ્ટાપટ્ટા, તેનું કદ અને તેની ખોપરીની કદના ફેરફારને આધારે આઠ ભૌગોલિક પ્રજાતિઓમાં વહેંચે છે. જે પૈકી પાંચ જેટલી પ્રજાતિઓ હાલમાં અસ્તિત્વ ધરાવે છે. અહીં આપણાં હરણોદ્યાનમાં લાવવામાં આવેલ વાઘની જોડી બંગાળ ટાઈગર છે.

પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહજી ઉંમરના તકાદા અને શારીરિક કારણોસર વધુ ચાલી શકે તેમ નહોતા તેથી તેમને લઈને આવેહ કારને કિશોરસિંહ વાઘના પાંજરા સુધી લઈ આવ્યા. વાહનમાંથી ઉતરાતં તેમની મુખ મુદ્રા અને ઓજસ્વી વ્યક્તિત્વ આજે પણ મનમોહક લાગતું હતુ. તેમને વનવૃષ્ટિમાં ખૂબ રસ છે. એ વાતની ખાત્રી તેમના સમયના રાજપીપળાનાં જંગલોની મુલાકાતની તેમણે વાતો કરી તેના પરથી જરુર ખ્યાલ આવે. સાહિત્યમાં અને વાંચનમાં ઊંડો રસ ધરાવનાર માધવસિંહજીના વખતમાં જ ગુજારતમાં સાહિત્ય અકાદમીઓ રચાઈ હતી. જેની સવાયત્તના અંગે અવારનવાર પ્રશ્નો ઊભા થતા રહ્યા છે.

અમે સૌ વાઘ ગૌરવ અને વાઘણ નિધિના પાંજરાની નજીક આવ્યા. ગૌરવની ગૌરવશાળી ચાલને જોઈ એ અભિભૂત થઈ ગયા. અને કેમ ન થાય. વાઘ ભારતનું રાષ્ટ્રીય પ્રાણી છે. પ્રકૃતિની આપણા દેશને મળેલ અણમોલ ભેટ છે. જેના લીધે આપણા દેશની સારાય વિશ્વમાં ઓળખ છે. ભારત એટલે વાઘનો પ્રદેશ એ રોમાંચક વિચાર માત્રથી પરદેશી સહેલાણીઓ ભારત આવવા પ્રેરાય છે. ભારતના મોટા ભાગના જંગલોમાં વાઘની ઉપસ્થિતિથી આપણાં જંગલોનું સહેલાણીઓના મનમાં આગવું સ્થાન છે. જોકે વાઘનો બ્રિટીશ શાસન અને રાજા મહારાજઓના સમય દરમિયાન મોટા પાયે શિકાર કરવામાં આવતો. ભારતના તમામ પ્રકારના જંગલોમાં વાઘ જોવા મળે. કાંટાકા જંગલો, સુકાં પાનખર જંગલો કે ભેજવાળા પાનખર જંગલોમાં વસતા વાઘ પં. બંગાળના સુંદરવનના મેન્ગ્રુવમાં તરીને એક ટાપુ પરથી બીજા ટાપુ પર તરીને જતા હોય, કાઝીરંગાના અભ્યારણ્ય વિસ્તારના ઊંચા ઘાસમાં પણ તેને રહેવું ગમે.

'આ વાઘ થોડા સમય પહેલાં માંદો પડી ગયેલો ખરું ને?' માધવસિંહજીએ પૂછ્યું.

'હાં વાઘ ગૌરવને ગળાના ભાગે ગુમડા જેવું જણાયેલું. તેની સારવાર દરમિયાન એવું જાણવા મળ્યું કે આ તકલીફ તેને અગાઉ સક્કરબાગ ઝૂમાં જૂનાગઢમાં હતો ત્યારે પણ થઈ હતી અને તેની સારવાર અપાતાં તે સાજો થઈ ગયેલો.'

'અહીં સારવારમાં એ સહકાર આપે છે ખરો?' કિશોરસિંહે પુછ્યું.

'હાં બહું વાંધો આવતો નથી. નાના પાંજરામાં આવવામાં થોડી આનાકારી કરે. પણ આવ્યા પછી બિલકુલ શાંત રહે છે, જૂઓને હાલમાં તો તેનો જખમ રૂઝાઈ ગયો છે.'

'ખરી વાત, જો કે વાઘણ નિધિ વધુ જુવાન, તંદુરસ્ત અને દેખાવડી લાગે છે નહીં.' તમે આ બંનેને એક જ પાંજરામાં કઈ રીતે જુદાં જુદાં રાખ્યા છે? કિશોરિસંહે પૂછ્યું.

'જૂઓને પાંજરાના બે ભાગ કર્યા છે. સવારે મોટા ભાગમાં ગૌરવ રહે છે. તેમાં વાંસના ઝૂંડ અને બીજા કેટલાંક વૃક્ષો ઉગાડી જંગલનો માહોલ ઊભો કર્યો છે. વળી ઊંચી ટેકરી જેવો વિસ્તાર અને કુદરતી લાગે તેવો પાણીના કુંડા પણ છે.' અત્યારે બપોર પછી આ ભાગમાં નિધિને વિચરવા મળે છે.'

'નાના પાંજરામાં પણ પાણીની વ્યવસ્થા તો હોય એવું દેખાય છે.'

'હાં, તેમાં કુંડ જરા મોટો બનાવ્યો છે. ઉનાળાના દિવસોમાં તે વાઘ હોય કે વાઘણ બંનેને પાણીના કુંડમાં મજા આવે છે.' મેં કહ્યું.

'આ વાઘ વાઘણની જોડની સાથે સક્કરબાગ ઝૂથી બીજા પણ કેટલાંક પ્રાણીઓ, પક્ષીઓ લાવવામાં આવેલાં ખરું ને?'

'હાં, પ્રાણી સંગ્રહાલયોમાં એક્ષચેન્જ પ્રોગ્રામ અંતર્ગત અહીંથી હરણ મોકલાયેલ. તો સાથે વાઘની જોડ ઉપરાંત સફેદ કાળીયારની બે જોડ અને સફેદ મોર તેમજ બીજા થોડાં પક્ષીઓ અહીં લાવવામાં આવેલાં છે.'

'આ વાઘની જોડના બ્રિડીંગથી બચ્ચા થયેલ છે અને તેમાં એક સફેદ વાઘ હોવાનું જાણવા મળ્યું તે સાચી વાત છે. તમે આવા કોઈ પ્રયત્નો અહીં કર્યા છે કે નહીં?' માધવસિંહજીએ પોતાનું જ્ઞાન પ્રદર્શિત કરવા સાથે મનમાં રહેલ વાત પુછી નાંખી.

'હાં, આપની વાત સાચી છે. વાઘની આ જોડીએ જે બચ્ચાંઓને જન્મ આપેલ તેમાં એક બચ્ચું સફેદ હતું એવું જાણવા મળેલ. જોકે રંજકહીન (સાલ્બિનો) ને શ્વેત (વ્હાઈટ) એ બંને શબ્દો આપણે ત્યાં આછા રંગના વાઘની સાપેક્ષમાં વપરાય છે. અહીં અમારા પશુ ચિકિત્સક બાબુલાલ ભાડશીયાએ વાઘણ નિધિ ગરમીમાં હતી અને વારંવાર બંને પાંજરાની આરપાર એકબીજાને જોયા કરતાં તેમજ નજીક આવવાનો પ્રયત્ન કરતાં હતા તે જોઈને તેમને ભેગા કરવાનો પ્રયત્ન કરેલો.'

'પછી?'

'જોકે સફળતા નહોતી મળી.'

'તેનું શું કારણ હશે?'

'પશુ ચિકિત્સકોના મતે ગૌરવ વાઘની મોટી ઉંમર, જોકે આ તર્ક બહુ માની શકાય એવો નથી. નર કોઈ પણ ઉંમરે બચ્ચા પેદા કરવા સક્ષમ હોવાના અનેક દાખલા આપણે જોતા હોઈએ છીએ.'

'બંનેને ભેગાં કરતાં કોઈ મુશ્કેલી સર્જાયેલી ખરી? પછી શું કર્યું?'

'મુશ્કેલીની તો વાત જ જવા દો. બંનેને પાંજરામાં ભેગા કરતાં વાઘણ નિધિ ઘુરકીયા કરવા લાગી અને તેણે રીતસર ગૌરવ પર હુમલો કરી દીધો. ગૌરવ પણ કાંઈ પાછો પડે તેવો ન હતો. ભલે ઘરડો થયો હોય તોય પેલી કહેવત છે ને 'ભાંગ્યું ભાંગ્યું તો ભરુચ' પહેલાં તો હાજર રહેલ માણસોએ હાંકલા પડકારા કરી બંનેને છૂટાં પાડવાની કોશિશ કરી. પણ બંનેને ઈજા થશે એવું લાગતાં પાણીનો મારો ચલાવી માંડ માંડ છૂટા પાડી બંનેને અલગ અલગ પાંજરામાં પુરી દીધાં.'

માધવસિંહજીને વાઘની આ વાતોમાં ખુબ રસ પડેલો. વાઘ વિશે કિશોરસિંહે પણ ઘણી વાતો કરી. દિવસ આથમવા આવેલ હોઈ તેઓ પાછા ફર્યા.

અફસોસ સાથે કહેવું પડે છે કે વાઘ ગૌરવ હવે આપણી વચ્ચે નથી. તેની જુની બિમારીએ ફરી ઉથલો મારતાં તેની પુરતી સારવાર છતાં ગૌરવે પ્રાણ ત્યાગી દીધો. હવે જયારે તેનાં પિંજર પાસે જાઉં છું ત્યારે નિધિને નિરાશ વદને વાંસના ઝુડ પાસે અથવા ચેનલીંકની દિવાલ પાસે બેઠેલી જોઉં છું. કયારેક આમતેમ આંટા મારતી હોય છે. ત્યારે મને લાગે છે કે એ જરુર ગૌરવને શોધતી હશે. કદાચ તેને જોવા આવનાર સહેલાણીઓને તે પુછતી હશે. કયાં છે મારો ગૌરવ વાઘ, તેની ત્રાડ સાંભળવા હું બેચેન છું. નિધિ વાઘણની આંખમાં હજુ મને એ પ્રશ્નાર્થ દેખાયા કરે છે.

# સવાલો વગરની જિંદગીના જવાબો નથી હોતા!

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

દેખા હુઆ સા કુછ હૈ, તો સોચા હુઆ સા કુછ,
હર વક્ત મેરે સાથ હૈ, ઉલઝા હુઆ સા કુછ,
ફુરસત ને આજ ઘર કો સજાયા કુછ ઈસ તરહ,
હર શય સે મુસ્કુરાતા હૈ, રોતા હુઆ સા કુછ.

**- નિદા ફઝલી**

જિંદગી છે તો સવાલો છે. સવાલો છે તો જવાબો છે. સવાલ વગર જવાબનું કોઈ મહત્ત્વ નથી. દુનિયામાં જે કંઈ છે એ કોઈના મનમાં ઉઠેલા સવાલોના જવાબો છે. જયાં સવાલ છે ત્યાં શક્યતા છે. આપણે કહેતા અને સાંભળતા આવ્યા છીએ કે દરેક સમસ્યાનો ઉકેલ હોય છે, આપણને બસ એ શોધતા આવડવું જોઈએ. ઉકેલની ત્યારે જ જરૂર પડે છે જયારે સમસ્યા કે સવાલ સર્જાય છે. એટલે જ સવાલોથી કે સમસ્યાઓથી ગભરાવા જેવું નથી. રસ્તો ન મળે ત્યારે જ માણસ રસ્તો શોધવાનો કે રસ્તો બનાવવાનો પ્રયાસ કરે છે. રસ્તો હોય તો પછી તેની શોધ કે તેના નિર્માણનો વિચાર જ નથી આવતો.

દરેક માણસમાં અજબ અને અઢળક શક્યતાઓ પડેલી હોય છે. સવાલ જ આ શક્યતાને સફળતામાં પલટાવે છે. જેને બધું તૈયાર મળી જાય છે એને નસીબદાર ગણવો કે બદનશીબ એ સૌથી મોટો સવાલ છે. જેની પાસે બધું જ છે એણે કંઈ કરવું પડતું નથી એટલે જ તેની બુદ્ધિનો વિકાસ થવો જોઈએ એટલો થતો નથી. 'દીવા પાછળ અંધારું' એ એમ ને એમ નહીં થતું હોય! તમને ખબર છે કે તમારામાં કેટલું બધું પડેલું છે? તમે એનો ઉપયોગ ક્યારે કરો છો? તમને જરૂર પડે ત્યારે! જરૂર ન પડે તો તમારામાં જે છે એ એમ ને એમ પડયું રહે છે. કાટ ખાઈ જાય છે. કોહવાઈ જાય છે. કાટ એને જ લાગે છે જેનો ઉપયોગ નથી થતો. ઉપયોગ થાય છે એ ચકચકિત જ હોય છે. મન, મગજ અને જિંદગીનું પણ એવું જ છે. તમે જેટલું એક્ટિવ રાખશો એટલું એક્ટિવ રહેશે.

એક ડાહ્યો માણસ હતો. ગામમાં કોઈને કંઈ માર્ગદર્શન જોઈતું હોય તો લોકો તેની પાસે જાય. એક વખત એક બાળકે તેમને પૂછયું, 'દાદા તમારી પાસે દરેક મુશ્કેલીનો ઉકેલ કેમ મળે છે? તમારામાં આટલી સમજ ક્યાંથી આવી?' પેલા માણસે કહ્યું કે 'દીકરા, મેં જિંદગીમાં બહુ ઠોકરો ખાધી છે. જિંદગીએ મને ઘણા બધા સવાલો આપ્યા હતા. હું એક પછી એક જવાબ મેળવતો ગયો અને મને ખબર જ ન પડી કે મારામાં આટલી સમજ કેવી રીતે આવી ગઈ! 'જ્ઞાની માણસ એટલે જેણે વધુમાં વધુ સવાલોના સાચા જવાબ મેળવ્યા છે. એ ડાહ્યા માણસે પછી બાળકને એક સલાહ આપી કે, 'દીકરા નાના-નાના પથ્થરોનું ધ્યાન રાખજે. ઠોકર ક્યારેય પર્વતથી નથી લાગતી, નાના પથ્થરથી જ ઠોકર વાગે છે. ઠોકર વાગે તોપણ ડરતો નહીં કારણ કે ઠોકર વાગશે તો જ તું તારા રસ્તે ચડેલા એ પથ્થરને ઉપાડીને બાજુમાં ફેંકી દઈશ. ઠોકરો તો આપણી જિંદગીનો રસ્તો સાફ કરતી હોય છે.

સમાજમાં દરેક પ્રકારના માણસો હોય છે. સારા કામ માટે પણ માણસો મળી જાય છે અને ખરાબ કામ માટે પણ માણસો અવેલેબલ હોય છે. યજ્ઞા કરવા માટે સજ્જનો પણ મળી જાય છે અને ખૂન કરવા કોન્ટ્રાક્ટ કિલર પણ મળી જાય છે. એક ગુનેગાર માણસ સંત પાસે ગયો. તેણે કહ્યું કે 'તમે કહો છો કે જિંદગીના તમામ સવાલો શોધો તો જવાબો મળી જાય છે, તો પછી હું કેમ ગુનેગાર થઈ ગયો? 'સંતે જવાબ આપ્યો કે 'જવાબ તો તેં પણ શોધ્યો છે પણ તેં ખોટો જવાબ પસંદ કર્યો છે. જવાબ મેળવ્યા પછી પણ એ ખરાઈ કરવાની હોય છે કે જવાબ સાચો છે કે ખોટો? ખોટા જવાબના માર્ક્સ નથી મળતા. જિંદગીના ખોટા જવાબોનો તો હિસાબ પણ ચૂકવવો પડતો હોય છે અને સજા પણ ભોગવવી પડતી હોય છે. તારો જવાબ સુધારી લે તને પણ પૂરા માર્ક્સ મળશે.'

ઘર પણ એક મુકામ છે અને જેલ પણ એક મુકામ જ છે. માણસ અંતે તો તેના મુકામ સુધી જ પહોંચતો હોય છે. બધી જ જેલ સરકારોએ બનાવેલી હોતી નથી. અમુક જેલ તો માણસ પોતે સર્જે છે. કેટલાં બધાં ઘર જેલ જેવાં હોય છે? જે ચાર દીવાલો વચ્ચે ગૂંગળામણ થાય એ જેલ જ હોય છે, ઘર તો માત્ર આપણે કહેતા હોઈએ છીએ! શહેરોમાં આવી 'જેલો'ની સંખ્યા વધતી જાય છે. આપણે આપણી માનસિકતાના બંધનમાં એવા જકડાઈ ગયા હોઈએ છીએ કે આપણને મુક્તિનો અહેસાસ જ થતો નથી. અમુક બંધનોથી તો આપણે એવા ટેવાઈ જઈએ છીએ કે આપણને ખબર પણ નથી હોતી કે આ બંધન છે.

જિંદગી એક નાનકડા કોચલામાં બંધાઈ જાય છે. આપણે કોચલાને જ સુરક્ષિત માની લઈએ છીએ. જિંદગીને સવાલ કરો અને જિંદગી પાસે જવાબ માગો કે હું કરું છું એ બરાબર છે? હું ડરતો તો નથી ને? હું મુક્ત તો છુંને? કયો ભય મને સતાવે છે? જિંદગી કેમ આટલી બધી અઘરી લાગે છે? આપણી મુક્તિનો માર્ગ આપણે જ શોધી શકીએ, કારણ કે આપણા બંધનની માત્ર આપણને જ ખબર હોય છે. દુનિયામાં સુખી દેખાતા કેટલાં લોકો ખરેખર સુખી હોય છે? ઘણાં લોકો આપણને પહેલી નજરે દુ:ખી દેખાતા હોય છે પણ એ દુ:ખી હોતા નથી.

એક અમીર માણસ હતો. દોમ દોમ સાહ્યબીમાં એ ઉછર્યો હતો. તેને ત્યાં મજૂરી, પટાવાળા અને ચોકીદારી કરતાં લોકોને જોઈને એને થતું કે આ બિચારા લોકોની જિંદગી કેટલી ખરાબ છે? કેટલા બધા અભાવમાં એ બધા જીવે છે. એક દિવસ તેણે પોતાના પટાવાળાને પૂછયું કે 'તું સુખી છે? 'પટાવાળો આખાબોલો હતો. તેણે ચોખ્ખેચોખ્ખું સંભળાવી દીધું કે, 'હું તમારા કરતાં વધુ સુખી અને ખુશ છું! 'અમીર માણસે પૂછયું કે, 'કેવી રીતે? 'પટાવાળાએ કહ્યું કે, 'હું સાજે ઘરે જાઉં પછી પરિવાર સાથે મજા જ કરું છું. અમારા ઘરની નજીક એક બગીચો છે. છોકરાંવને ત્યાં લઈ જાઉં છું. એ લોકો હીંચકા ખાય છે, લસરપટ્ટી રમે છે અને ખડખડાટ હસે છે, ત્યારે મને લાગે છે કે હું તમારાથી વધુ સુખી છું. તમારે તો ઘરમાં જ બગીચો છે. આ બગીચામાં કોઈ રમતું નથી. તમારી પાસે સમય જ ક્યાં છે? છોકરાંવ મોબાઈલ અને વીડિયો ગેઈમમાં પડયાં હોય છે અને તમે તમારા હિસાબકિતાબમાં. તમારા સંબંધો પણ દર તહેવારે કામ હોય એવા લોકોની યાદી બનાવી તેના ઘરે મીઠાઈ મોકલી દેવા પૂરતા મર્યાદિત છે. અમે ઘરે અમારી ત્રેવડ મુજબ મીઠાઈ બનાવીએ છીએ, ખાઈએ છીએ અને ખવડાવીએ છીએ. ઘરમાં કંઈ બને તો પાડોશમાં આપીએ છીએ અને પાડોશી પણ કોઈ વાનગી બનાવે તો આપી જાય છે. તમને તો બાજુમાં કોણ રહે છે એની પણ ખબર નથી! 'આ વાત સાંભળીને અમીર માણસને સમજાયું કે પટાવાળા વિશેના સવાલોના જે જવાબો તેની પાસે હતા એ તો ખોટા હતા. સાચા જવાબો તો એ કહે છે એ જ છે. મને તો હવે એવું લાગે છે કે મેં પણ જે જવાબો મેળવ્યા છે એ સાચા છે કે કેમ?

જિંદગી જીવવાની મજા આવવી જોઈએ અને ન આવતી હોય તો માનજો કે તમારો કોઈ જવાબ ખોટો છે. સવાલો ક્યારેય ખોટા નથી હોતા, જવાબ જ સાચા કે ખોટા હોય છે. જિંદગીમાં જે છે એને ફીલ કરી શકતા હોય તો તમે સુખી છો. જિંદગીની સફરમાં નક્કી કરેલા માઈલસ્ટોન પર નજર નાખતાં રહેવું જોઈએ અને ચેક કરતાં રહેવું જોઈએ કે હું સુખ અને શાંતિના માર્ગે જ છુંને? આ સવાલનો સાચો જવાબ મેળવી લેજો અને ખોટો હોય તો જવાબ સુધારી લેજો.

# માનવનું દરેક કાર્ય કલાયુક્ત છે

## સંગીતમાં નાદશક્તિનો પ્રભાવ

- ડો. આર. જે વ્યાસ

જીવનને રસમય, સુસંસ્કૃત અને સમૃદ્ધ બનાવવા માટે ભારતીય સંસ્કૃતિમાં 'સંગીત' મહત્ત્વપૂર્ણ અંગ છે. માનવનું દરેક કાર્ય કલાયુક્ત છે. પ્રત્યેક માનવ કલાના માધ્યમ દ્વારા પોતાની સંવેદનાઓને અભિવ્યક્ત કરી પોતાના જીવનને કલ્યાણકારી અને સુંદરતમ કે સુંદરતમ બનાવવા પ્રયત્નશીલ બને છે. ભારતીય સંસ્કૃતિમાં (૧) વાસ્તુકલા (૨) શિલ્પકલા (૩) ચિત્રકલા (૪) કાવ્યકલા અને (૫) સંગીતકલા અત્યંત મહત્ત્વની કળાઓ છે જેમાં 'સંગીતકળા'ને સૌથી પ્રાચીન માનવામાં આવે છે. આપણા ચાર વેદોમાં અત્યંત પ્રભાવક શાસ્ત્રીય સંગીત પર આધારિત 'સામવેદ' સુપ્રચલિત છે.

સંગીતની ઉત્પત્તિ 'નાદ' માંથી થઇ છે. નાદ એટલે જ ઉત્પત્તિ, વૃદ્ધિ અને લય. ત્રણેય લોક પર નાદમય છે 'નાદાત્મક જગત ત્રયમ્ ।' નાદ જયારે સ્પંદિત થઇ વિહરવા લાગે ત્યારે સૂર બને છે. કહેવાય છે કે ઉર્જાના સ્રોત સમા આકાશ, અગ્નિ, વાયુ, જે નાદાત્મિકા પરાશક્તિ છે જે ઉર્જાના અને ગતિના સૂચક છે તે સંગીતનો જન્મદાતા 'નાદ' છે.

સંગીત - શબ્દાવલિ, સૂરાવલિ આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી આ પંચતત્ત્વોના પારસ્પરિક સમન્વયથી પ્રગટ થાય છે. સૂર લય, શબ્દ અને તાલ પરસ્પર પ્રગટ થતાં શાસ્ત્રીય અને અધ્યાત્મપૂર્ણ પવિત્ર અનુભૂતિ કરાવતું સંગીત જન્મે છે.

શાડ્ગદેવે 'સંગીત રત્નાકર' નામના ગ્રંથમાં પરમાત્માને પણ સંગીત પ્રત્યે કેટલો પ્રેમ છે તે આ શ્લોકમાં સારી રીતે અભિવ્યક્ત કરેલ છે.

ગીતેન પ્રીયતે દેવઃ સર્વત્રઃ પાર્વતીપતિઃ ।
ગોપીપતિરનન્તોઽપિ વંશધ્વનિવશંગતઃ ॥

અર્થાત સર્વત્ર એવા ભગવાન શંકર, ગોપીપતિ શ્રી કૃષ્ણ, અને શેષનાગ પણ વાંસળીના સૂરને વશ થયેલ છે. સાચે જ સંગીતમાં અદ્ભૂત શક્તિ રહેલી છે. અબોદ રૂદન કરતું બાળક સંગીતરુપી અમૃતથી હર્ષાન્વિત થઇ ઊઠે છે. અરે આપણા દેશ-દેવીઓના પ્રતિકાત્મક વાદ્ય તરફ દૃષ્ટિપાત તો કરો! શ્રીકૃષ્ણએ વાંસળી, મા સરસ્વતીએ વીણા, ભગવાન શંકરે ડમરું તો ભગવાન વિષ્ણુએ શંખ ઉપાડ્યો છે!!

હિન્દુ, જૈન અને વૈષ્ણવધર્મમાં પણ આરાધ્ય સ્તુતિમાં વંદના એવં પૂજનમાં તાલબદ્ધ સંગીતને જ પ્રાધાન્ય અપાયુ છે. આપણા મુસ્લિમભાઇઓ પણ મસ્જિદમાં 'અલ્લાહ ઓ અકબર' જે નાદ ધ્વનિ જન્માવે છે અને નાના મોટા, ચર્ચમાં ક્રિશ્ચિયન ભાઇ-બહેનો જે કરૂણાસભર સંગીત - વાણીમાં 'આમીન હૈ' આર્તનાદ કરી ઋજુતા જન્માવે છે. તે સર્વધર્મ સમભાવભરી સ્તુત્ય સંગીત સુરાવલિ, આપણાં ચેતાત્તંત્રને માનવતા ભણી દોરવાનું ઉદાત્ત કાર્ય કરે છે.

સાચે જ સંગીતમાં ખાસ કરીને શાસ્ત્રીય નાદ ધ્વનિમાં અમોઘ શક્તિ રહેલી છે. માટે જ પ્રત્યેક નર, નારી, વૃદ્ધ-વૃદ્ધાએ પવિત્ર સ્થળોમાં શુદ્ધ, સાત્ત્વિક અને કલાસિકલ સંગીત કે જે પરમેશ્વરને પણ પ્રિય છે એ સત્ય પામી અધ્યાત્મભાવ કેળવવાનો અંતઃપૂર્વક પ્રયાસ કરવો જ જોઇએ.

આજે તો યુવા-યુવતી ડિસ્કો ડાન્સ પ્રેરિત પ્રાશ્ચાત્ય સંગીત, ધૂન, ગીતનું અનાવશ્યક આકર્ષણ અનુભવી પોતાના 'આત્મા'ને રોળી નાંખે છે... આજે સંગીત સસ્તુ મનોરંજન તથા અર્થ ઉપાર્જન માટે ઉપયોગમાં લેવાય છે. આજે સંગીત સમાજમાં શોર્ટ-કટ અને લે-વેચનો વિક્રિય વિષય બન્યો છે જે જીવનની શાંતિ, પવિત્રતા, સંસ્કાર અને વિશિષ્ટતાને હણી વ્યક્તિના વ્યક્તિત્વને જાણે-અજાણે અધોગતિ તરફ લઇ જાય છે. સંગીતમાંથી ઉદ્ભવતી નાદશક્તિ જ આપણી શારીરિક, માનસિક, સંવેદાત્મક તથા અધ્યાત્મકતા પર ઊંડી અસર પહોંચાડે છે. માટે પ્રત્યેક બાળકે નર-નારી કે વૃદ્ધ-વૃદ્ધાએ સંગીતની અભ્યાસની સાથે-સાથે, વ્યવસાયની સાથે સાથે, ઘરકામ કરવાની સાથે તોડી ફુરસદ કાઢીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત 'સંગીત - લલિતકલા એકેડમી' કે જયાં નહિવત ફી લઇને વિવિધ વર્ગો ચલાવાય છે. ત્યાં સંગીતશિક્ષા પ્રાપ્ત કરી સંગીત શિક્ષા પ્રાપ્ત કરી જીવનનો માંગલ્યમય, ઉપયોગી અને સમાજમાં પ્રિય બની શકાય એવા વ્યક્તિત્વ નિર્માણનો પ્રયત્ન કરવો જ રહ્યો. સંગીત જ આપના બાળકોને, આપણને સંપૂર્ણ સૌજન્યતાપૂર્ણ, સંસ્કારલક્ષી શિષ્ટતા, મિષ્ટતા અને પવિત્રતા અર્પશે એ નિ:શંક હકીકતને હૃદયપૂર્વક આપના સુધી પહોંચાડી મારી વાચાને વિરામ આપું છું.